પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નાથયોગીશ્વર પ્રણીત

भगवान् रमचंद्र ने भक्तिनिष्ठ शबरीनो

संवाद.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મણિલાલ મગનલાલ ત્રિવેદી.
અમદાવાદ.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦. સમગ્ર પ્રત. ૨૦૦૦.

અમદાવાદ.

સત્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં—શા. પ્રેમચંદ નાહાલચંદ
તથા ડાહ્યાભાઈ શંકરાભાઈ ગાંધીએ છાપ્યું.

મૂલ્ય ૦-૦-૩.

પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામશર્માચાર્યનાં

પુસ્તકો અમારી ઑફીસમાંથી મળી શકશે—

સદુપદેશમાળા ભાગ પહેલો—આ પુસ્તકમાં બાળકો તથા અભણ સ્ત્રી પુરુષોને ગુજરાતી લિપિનું તથા બાળબોધ લિપિનું જ્ઞાન થાય અને તેમને પદાર્થો ને પ્રાણીઓના જ્ઞાન ઉપરાંત ધર્મનો બોધ થાય એવા પાઠો આપ્યા છે. અગત્ય જણાઇ ત્યાં ચિત્રો પણ આપવામાં આવ્યાં છે. મૂલ્ય રૂ. ૦—૩—૬.

મનુષ્ય મિત્ર રૂ. ૦—૪—૦, સદુપદેશ દિવાકર પ્રથમ કિરણ બીજી આવૃત્તિ રૂ. ૦—૧૨—૦ સદુપદેશ દિવાકર દ્વિતીય કિરણ રૂ. ૦—૧૨—૦, અંતર્યામીના આદેશો સોનેરી પુંઠાવાળા રૂ. ૦—૧૦—૦, રેશમી પુંઠાવાળા રૂ. ૦—૮—૦, યોગપ્રભાકર બીજી આવૃત્તિ રૂ. ૦—૨—૬, ઉપદેશ ગ્રંથાવલિના અંક ૧ થી ૧૦ રૂ. ૦—૪—૦, ઉપદેશ ગ્રંથાવલિના અંક ૧૧ થી ૨૫ રૂ. ૦—૮—૦, ઉપદેશ ગ્રંથાવલિના અંક ૨૬ થી ૩૫ રૂ. ૦—૮—૦, રહસ્યદીપિકાટીકાસહિત શ્રીભગવદ્ગીતા ત્રીજી આવૃત્તિ રૂ. ૨—૪—૦, પરમપદ બોધિની ત્રીજી આવૃત્તિ રૂ. ૦—૧૨—૦, ગાયત્રીનું સ્પષ્ટીકરણ રૂ. ૦—૨—૬, સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર રૂ. ૦—૦—૬, પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ બીજી આવૃત્તિ રૂ. ૦—૩—૬, નાથસ્વરોદય બીજી આવૃત્તિ રૂ. ૦—૪—૦, પ્રણવપટ (જેમાં વિવિધપ્રકારના રંગો પૂરવામાં આવ્યા છે અને ગાયત્રીનો અર્થ કરી બતાવવામાં આવ્યો છે તેમજ ચારે વેદનાં ચાર મહાવાક્યો આદિની અગત્યની શ્રુતિઓના અર્થ કર્યાં છે.) રૂ. ૦—૨—૦, શ્રીનાથકાવ્ય રૂ. ૦—૫—૦.

भगवान् रामचंद्र ने भक्तिनिष्ठ शबरीनो संवाद* ॥

× અનન્યભક્તિની પ્રાપ્તિ કરવા ઇચ્છનારે બુદ્ધિની સૂક્ષ્મતા, બુદ્ધિની વિશુદ્ધિ, શબ્દાદિ વિષયોની તૃષ્ણાથી રહિતપણું, પ્રભુપરાયણપણું, દૃઢતા ને ચિત્તસંશોધન એ ગુણો અવશ્ય સંપાદન કરવા જોઇએ એ તમારા જાણવાબહાર નહિ હોય.

ભક્તિનિષ્ઠાની પરાકાષ્ઠાને પામેલા હૃદયનું આદરપૂર્વક અવલોકન કરવાથી ભક્તિનિષ્ઠાની પરાકાષ્ઠાએ પહોંચવા ઇચ્છનાર મનુષ્યને પોતાના માર્ગમાં આગળ વધવામાં ઉપયોગી થાય એવી કેટલીક નવી સામગ્રી મળી. આવવા સંભવ છે એમ ધારી **શ્રીરામચંદ્રભગવાન**નો તથા ભક્તિનિષ્ઠાવાળી **શબરી**નો સંવાદ નીચેની પંક્તિઓમાં લખાયો છે.

મનુષ્યે પોતાના પૂર્વના અનેક જન્મોમાં જે ભાવના દૃઢ કરી હોય છે તે ભાવનાવાળો (રુચિવાળો) તે વર્તમાનમાં પ્રતીત થાય છે.

* આવૃત્તિ બીજી. પ્રતિ ૧૦૦૦. કુલ પ્રતિ ૨૦૦૦.

છપાવી પ્રકટ કરનાર મણિલાલ મગનલાલ ત્રિવેદી.

પખાલીની પોળ ચાર શેરી—**અમદાવાદ.**

મૂલ્ય—૦—૦—૩.

જેણે પૂર્વના જન્મોમાં ન્યૂનાધિક અંશે ભક્તિભાવના દૃઢ કરી હોય છે તેને આ જન્મમાં ભક્તિમાં વધારે રુચિ રહે છે. તે ભક્તિની વિશુદ્ધિ કરવામાં પણ નીચેનો સંવાદ ઉપયોગી છે એ વિનાકહેજ વિવેકીને સમજી શકાય એવું છે.

ભક્તવત્સળ ને દીનબંધુ **ભગવાન્ રામચંદ્રને શબરીએ** પોતાના આશ્રમનો શોધ કરતા કરતા પોતાના આશ્રમભણી પધારતા જોયા કે તુરત તે પ્રેમાવેશથી વ્યાકુળ થઈ પ્રભુની સંમુખ બહુ ઊતાવળે ચાલી, અને ઘણીજ પ્રીતિથી તેણે તેઓશ્રીના ચરણકમળમાં સાષ્ટાંગદંડવત્પ્રણામ કર્યા. પ્રભુએ કૃપા કરી પોતાના વરદ હાથ તેના મસ્તકપર તથા પીઠપર મેલ્યા. પછી પ્રભુના અલભ્ય દર્શનના લાભથી થયેલા આનંદવડે તેનું હૃદય ભરાઇ આવવાથી તેનો કંઠ રુંધાઇ ગયો, તેથી પ્રભુની સ્તુતિ કરવાની તેની બહુ ઇચ્છા છતાં પણ તે સ્તુતિ કરી શકી નહિ, ને માત્ર હાથ જોડીને હર્ષાશ્રુથી ભરેલાં નેત્રોવડે તે પ્રભુશ્રીના મુખારવિંદરૂપ શરદપૂનમના ચંદ્રનું ચકોરીની પેઠે દર્શન કરતી ઊભી રહી. કેટલીક ક્ષણો તેવી રીતે વ્યતીત થયા પછી સાવધ થઈ તેણે પવિત્ર જળથી પ્રભુશ્રીનાં ચરણકમળ ધોયાં, ને સ્વચ્છ વસ્ત્રવડે તેમને લુઈ નાંખી તેઓશ્રીને પવિત્ર આસનપર પધરાવ્યા. પછી પ્રભુએ ભક્તના ભવભયને હરનારા મંદ મંદ હાસ્યપૂર્વક **શબરીને** આ પ્રમાણે પૂછ્યું:—" હે તપસ્વિનિ ! કામ, ભય ને ચિંતા આદિ મનોવિકારો તારા તપમાં વિઘ્ન તો ઉપજાવતા નથી ? તારો ક્રોધ તથા આહાર નિયમમાં આવી ગયેલા છે ? પવિત્રતા તથા સંતોષ આદિ નિયમોનું પરિપાલન તારાથી સુખપૂર્વક થઈ શકે છે ? શ્રીસદ્ગુરુની સેવાથી પ્રાપ્ત થતી ચિત્તની સ્વસ્થતા તને પ્રાપ્ત થઇ છે ? "

શબરી—" હે ભક્તવત્સળ પ્રભો ! આજ આપશ્રીનાં દર્શનથી મારો જન્મ સફળ થયો એમ હું માનું છું. શ્રીસદ્ગુરુની સેવા ને

મારા યમનિયમાદિ પણ આજજ સફળ થયા એમ હું સમજું છું. મારા હૃદયના ઉંડાણુમાં રહેલા આપશ્રી આજ મારા નયનના વિષયરૂપ થયા છો એ મારા મહાભાગ્યનાં વખાણ હું મારા મુખથી કરી શકતી નથી. મેં આજ સુધી જે કાંઇ ધાર્મિક કર્મ કર્યું હતું તે માત્ર આપશ્રીના દર્શનમાટેજ કર્યું હતું. કોઇ મહર્ષિઓએ કેટલાક સમયપૂર્વે મને કહ્યું હતું કે પ્રભુશ્રી કૃપા કરીને અવશ્ય તારે આશ્રમે પધારશે. જ્યારથી આ વાત મેં સાંભળી ત્યારથી હું નિત્ય મોટી ઉત્કંઠાથી આપશ્રીની વાટ જોયા કરતી હતી. મને મારા મનમાં વારંવાર એમજ લાગ્યા કરતું હતું કે આ વચલો સમય શીઘ્ર જતો રહી તે સમય ક્યારે આવશે કે જ્યારે હું પરમપ્રીતિથી મારા પ્રિયતમ પ્રભુનાં નેત્ર ભરીને દર્શન કરીશ - ક્યારેક ક્યારેક મારું મન મારે હાથ ન રહેતું ત્યારે હું આપના શુભાગમનને જાણુવા કાગડાને પણ, તેને ભવિષ્યવેત્તા જાણી આપશ્રીના આગમનના સમાચાર જાણવા, ઉડાડતી હતી. કયા માસની કઇ તિથિએ આપ પધારશો તે નક્કી નહિ છતાં હું મારા મનથી કોઇ માસની કોઇ તિથિને આપશ્રીના આગમનની તિથિ માની લઈ દિવસો ગણ્યા કરતી હતી. તે સમય ગયા પછી વળી બીજી તિથિનું અનુમાન કરી દિવસો ગણી મારો સમય વ્યતીત કરતી હતી. આપશ્રીનાં દર્શનવડે થનારી પરમાનંદની વૃષ્ટિની વાટ હું બહુ ઉત્સાહથી જોયા કરતી હતી. ક્યારેક વનમાંના કોઇ ઉંચા ઝાડપર ચઢીને હું ઉત્તરદિશાભણી જોયા કરતી હતી કે મારા પ્રભુ ક્યાંઇ આવતા દેખાય છે કે નહિ? વાટ જોતાં જોતાં આપશ્રીનું આગમન નહિ જણાતાં શોકથી મારું હૃદય ભરાઇ આવતું, ને મારાં નેત્રોમાંથી આંસુઓની ધારા ચાલવા લાગતી. ક્યારેક આવા વિચારો પણ મારા મનમાં ઉભરાઇ આવતા કે જ્યારે હું મારા પ્રભુને મારા માની લીધેલા આશ્રમભણી આવતા જોઇશ ત્યારે હું પૂર્ણપ્રેમથી તેઓશ્રીના સામી દોડી જઇ

તેઓશ્રીનાં ચરણકમળમાં લપટાઇ જઇશ, ને ઘણા કાળના વિરહદુઃખની શાંતિ મારાં નેત્રોમાંથી નીકળેલાં હર્ષાશ્રુવડે તેઓશ્રીનાં ચરણકમળને ધોઇને કરીશ. આ વેળા આનંદવડે મારું હૃદય કેટલું બધું વિકાસ પામશે? મારા હૃદયની વાતો પ્રભુશ્રીને નિવેદન કરવાથી મને કેટલો બધો આનંદ થશે? મારી પાસે જે જે સારું સારું ખાવાપીવાનું હશે તે સર્વ હું બહુ ભાવથી પ્રભુશ્રીને ધરીશ, ને મારા હૃદયને તથા નેત્રને તેઓશ્રીનાં દર્શનવડે ઠંડાં કરીશ. આપશ્રીને માટેજ મેં આ મધુરરસવાળાં, સુંદર ને પવિત્ર ફળ, મૂળ ને કંદ વીણી વીણીને રાખી મૂક્યાં છે, તે આપ કૃપા કરીને આરોગો."

શ્રીરામચંદ્રે શબરીના હૃદયનો શુદ્ધભાવ જોઈ તે ફળ આદિને વારંવાર વખાણીને તેનું ભક્ષણ કરી આચમન કર્યું. પછી બે હાથ જોડીને વિનય ને દીનભાવથી પોતાની સંમુખ બેઠેલી **શબરીને** પ્રભુશ્રીએ નીચે પ્રમાણે કહ્યું:—

"હે ચારુભાષિણિ! તારા હૃદયના વિશુદ્ધભાવથી ને તારી આ સેવાથી હું તારા ઉપર બહુ પ્રસન્ન થયો છું. હવે તારે કાંઇ પણ કહેવાનું હોય તો તે કોઇ પણ પ્રકારની શંકા કે ભય રાખ્યા વિના પ્રસન્ન મનથી મને કહે, અથવા તારે કાંઈ માગવું હોય તો તે પણ મારી પાસેથી સુખેથી માગ, કેમકે મને મારા ભક્તોમાટે કાંઈ પણ અદેય નથી."

શબરી—"હે પરમપ્રિય પ્રભો! જ્યારથી મેં આપશ્રીનાં ચરણકમળમાં સંપૂર્ણ વિશ્વાસથી પરમ પૂજ્યભાવ ને પરમપ્રીતિ રાખવા માંડ્યાં છે ત્યારથી આપ જ્ઞાનસ્વરૂપ હોવાથી મારી બુદ્ધિ ઉત્તરોત્તર વધારે વિકાસ પામવા માંડી છે એમ મને સમજાય છે. હે દુર્વિજ્ઞેય પ્રભો! આપશ્રીની અગાધ કૃપાના પાત્ર મનુષ્યોજ આપશ્રીને યથાર્થ ઓળખી શકે છે. જેઓ પોતાના અંતઃકરણના અનધિકારથી આપશ્રીની

કૃપાને પાત્ર થઈ શકયા નથી તેમાંના કોઇ મનુષ્યો આપ મનુષ્યાકારે પ્રતીત થતા હોવાથી આપને પોતાના જેવા સામાન્ય મનુષ્ય ધારે છે, તો કોઇ મનુષ્યો આપને પોતાનાથી શ્રેષ્ઠ મનુષ્યરૂપે જાણે છે, તો વળી કોઈ આપનો સાત્ત્વિકભાવ જોઈ આપને દેવરૂપે જાણે છે, પણ તેઓ આપને પરમેશ્વરરૂપે જાણીના શકતા નથી, ને તેથીજ તે આપના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી શકતા નથી. હે કારુણ્યનિધે ! આપશ્રીના વચનમાં જે મનુષ્ય સંપૂર્ણ સત્યતાનો નિશ્ચય રાખે છે તેજ મનુષ્ય શીઘ્ર સર્વ દુઃખોના પારને પામી પરમસુખીઓ થાય છે એમ મને મારા અનુભવપરથી સમજાયું છે, પણ શોકની વાત છે કે પ્રબળ પાપસંસ્કારોને વશ વર્તતા મનુષ્યો પોતાના મનના કથનને જેટલું સત્ય માને છે, તેટલું સત્ય આપશ્રીના વચનને માનતા નથી. જે આપશ્રીને નિમિત્તે દ્રવ્યાદિ વાપરે વા શરીરવડે આપશ્રીની સેવા કરે તેનેજ હું આપશ્રીનો વાસ્તવિક ભક્ત માનતી નથી, પણ જે મનુષ્ય આપને જે સ્વભાવ પ્રિય નથી તે સ્વભાવનો વિષની પેઠે ત્યાગ કરે તેનેજ હું આપનો સાચો ભક્ત માનું છું. આપશ્રીના ચરણારવિંદમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય તો આપશ્રીની અલૌકિક કૃપા દુઃખનિવૃત્તિ, શાંતિ, સુખમયતા ને પરિતૃપ્તિ એ ચાર સખીઓને પોતાની સાથે લઇને તે મનુષ્યના હૃદયમાં આવીને અવશ્ય વાસ કરે છે. હું સર્વથા અનધિકારી છું, છતાં કોણ જાણે શા કારણથી આપશ્રીની કૃપા મેળવવાની મારા મનમાં સર્વદા બહુજ ઉત્કંઠા રહ્યા કરે છે. મારા જેવી અપાત્રપર કૃપા કરવી કે કેમ? ને કરવી તો ક્યારે? ને કેટલી કૃપા કરવી? તે કેવળ આપશ્રીનેજ અધીન છે, તોપણ આપશ્રીના ચરણકમળમાં પરમપ્રીતિ ને પરમપૂજ્યભાવ રાખવાં એ જો હું ન ભૂલતી હોઉં તો સર્વથા મારે અધીન છે. આપશ્રીની અનન્યભક્તિ ને કૃપાવિના મારે બીજું કાંઇ પણ માગવાનું નથી. આપશ્રીમાં મન લગાડ્યા પછી મારા જેવીને બીજું માગવાની ઇચ્છાજ ક્યાંથી પ્રકટે?"

શ્રીરામચંદ્ર—"શબરિ! તું નિઃશંક થા. તારા ઉપર મારી પૂર્ણકૃપા છે. તારા જેવી અનન્યભક્તિવાળીઉપર મારી કૃપા શામાટે ન થાય? હું વર્ણ, આશ્રમ, કુળ, વય, વિદ્યા, ધન, સત્તા કે રૂપ આદિને જોઇ પ્રસન્ન થતો નથી, પણ મનુષ્યના હૃદયની અડગ વિશુદ્ધપ્રીતિ જોઇને, એવી પ્રીતિ મારૂં સ્વરૂપ હોવાથી, હું પ્રસન્ન થઉં છું. તારા હૃદયમાં મારી અવ્યભિચારિણી અનન્યભક્તિ છે, તેથી એ ભક્તિવડે હું તારા ઉપર પૂર્ણકૃપા રાખું એમાં કાંઈ પણ આશ્ચર્ય નથી. આદરપૂર્વક મારું પૂજન કરવાનો સ્વભાવ પાડવાથી મનુષ્યને મારું સ્મરણ કરવાનો સ્વભાવ પ્રાપ્ત થાય છે, મારું સ્મરણ કરવાનો સ્વભાવ પ્રાપ્ત થવાથી તેને મારું ધ્યાન કરવાનો સ્વભાવ પ્રાપ્ત થાય છે, ને મારું ધ્યાન કરવાના સ્વભાવની પ્રાપ્તિવડે મનુષ્ય મારી કૃપા મેળવવા ભાગ્યશાળી થાય છે."

શબરી—"પૂર્ણકૃપા! મારા જેવી અતિહીનકુળમાં ઉત્પન્ન થયેલી, અપવિત્ર શરીરવાળી, સ્ત્રીજાતિ હોવાથી અધમ, અરણ્યમાં રહેનારી, ને વિવેકવિદ્યાદિહીન ભીલડીઉપર આપની પૂર્ણકૃપા! હું જાણું છું કે સ્વપ્નમાં છું તેની મને શંકા થાય છે. આપશ્રીના મુખારવિંદમાંથી નીકળેલા શબરિ! ને પૂર્ણકૃપા એ બે ઉન્માદોત્પાદક શબ્દોએ મારા કાનદ્વારા મારા હૃદયમાં પ્રવેશ કરી મારા હૃદયને આનંદના ઊભરાથી ભરી દીધું છે. મારા જીવનની આ ક્ષણજ મને સર્વથા ધન્યવાદને પાત્ર જણાય છે. મારા આ જીવનમાં મેં કદીપણ નહિ જોયેલો એવો આ સુખદ સમય છે. આપશ્રીનાં સર્વ મધુર વચનો મને પ્રિય લાગે છે, પણ આજે આપશ્રીએ ઉચ્ચારેલાં શબરિ! આ સંબોધન ને પૂર્ણકૃપા એ બે શબ્દો મને બહુજ મધુર ને પ્રિય લાગ્યા છે."

શ્રીરામચંદ્ર—"હે વિવેકવતિ! હોકાયંત્રમાંનો ઝીણી અણીવાળો કાંટો જેમ સર્વદા ઉત્તરદિશાભણીજ રહે છે, તેને મનુષ્યો ગમે

તેટલો ફેરવે તોપણ જે વેળા તેને ફેરવવાનું કામ તેઓ બંધ કરે કે તુરત તે પાછો ઉત્તરદિશાભણીજ પોતાનું મુખ કરી દે છે, તેમ તું તને પ્રાપ્ત થતી અનુકૂળ ને પ્રતિકૂળ સર્વ સ્થિતિમાં સર્વદા મારી ભક્તિમાંજ અડગપણે તત્પર રહે છે, તેથી હું તારા ઉપર બહુ પ્રસન્ન છું. સૂર્ય જેમ વાવાઝોડાની લેશ પણ પરવા નહિ કરતાં સર્વદા સમયસર પૂર્વદિશામાં ઉદય પામે છે, ને આકાશમાં પોતાને જે માર્ગે ગમન કરવાનું હોય છે તે માર્ગે તે કાંઇ પણ ભય પામ્યા વિના ગમન કરે છે, તેમ તું પણ જગત્ની લેશ પણ પરવા રાખ્યા વિના નિરંતર એક-નિષ્ઠાથી વિધિવત્ મારી ભક્તિ કરતી રહે છે, તેથી મારું અંતઃકરણ તને જોઇને બહુ સંતોષાનુભવ કરે એ સ્વાભાવિકજ છે. પુરુષની છાયા જેમ કોઇ પણ પ્રકારની આનાકાની કર્યા વિના તે પુરુષના સ્થૂળશરીરને અનુસરે છે, તેમ મારા અનન્યભક્તો કોઇ પણ પ્રકારના મમતવિના મારી આજ્ઞાને અનુસરે છે. તેમણે સર્વદા મને પ્રસન્ન કરવામાં તથા પ્રસન્ન રાખવામાંજ પોતાનું હિત માન્યું છે, તેથી તેની હું ગમે તેવી કસોટી કરું તોપણ તે મારાથી વિરુદ્ધ થવાનો વિચારસરખો પણ નથી કરતો. મારા અનન્યભક્તો મારા માહાત્મ્યજ્ઞાનપૂર્વક જો મારું દર્શન કરે તો તેઓ યોગ, યજ્ઞ, જપ કે તપવિના પણ તેમના સ્વાભાવિક સ્વરૂપને એટલે અંતરાત્માથી અભિન્ન બ્રહ્મસ્વરૂપને સંશયવિપર્યયથી રહિત જાણી આ દુઃખરૂપ ભવસાગરનો પાર પામે છે.”

શબરી—“હે દીનબંધો! હે દીનનાથ! હે અશરણશરણ! હે કૃપાસાગર! અત્યંત મંદમતિવાળી હું આપની કેવી રીતે સ્તુતિ કરું? મારું હૃદય ને મારી વાણી સંસ્કારી નહિ હોવાથી તે આપશ્રીની પવિત્ર સ્તુતિ કરવામાં શી રીતે યોગ્ય ગણાય? આમ હોવાથી કેવળ આપની ઉદારતા ને ગુણગ્રાહકતાના વિચારનેજ મારા મનમાં પ્રધાનપણે સ્થિર

કરી હું મારું હૃદય આપશ્રીને અર્પણ કરવાયોગ્ય ધારતી નથી તોપણ અન્ય યોગ્ય સામગ્રીને અભાવે બીતી બીતી હું મારું હૃદયજ આપશ્રીને અર્પણ કરું છું. હે પ્રભો ! આપજ મારા સાચા હિતેચ્છુ, પાલક ને સગા છો. આપ વિના આ પૃથિવીપર કે પરલોકમાં કોઇ પણ પ્રાણી મારું સાચું હિતેચ્છુ, રક્ષક કે સગુંવહાલું હોય એમ મને જણાતું નથી. વાયુને વશ વર્તતાં વાદળાં જેમ આકાશમાં રૂપાંતર પામ્યા કરે છે, તથા વિનાશ પામે છે, તેમ કર્મને વશ વર્તતા પ્રાણિપદાર્થો આ સંસારમાં સ્થિત્યંતર પામ્યા કરે છે, ને વિનાશ પામતા પ્રતીત થાય છે. કોઇ પ્રાણિપદાર્થ સ્થિત્યંતરરહિત કે અવિનાશી જોવામાં આવતો નથી. આવાં સગાંવહાલાં, અન્ય પ્રાણીઓ, ને પદાર્થો મારા વાસ્તવિક આધારરૂપ શી રીતે સંભવે ? અપરિણામી, અનાદિ ને અનંત જે પરમાત્મા તેજ મારો વાસ્તવિક આધાર છે એમ મને આપશ્રીની કૃપાથી હવે સમજાયું છે. ”

શ્રીરામચંદ્ર—“ હે શુદ્ધહૃદયવાળી ! તારા ભક્તિભાવની સીમા નથી. તારું હૃદય વિશુદ્ધપ્રીતિથી ભરેલું હોવાથી સર્વદા વખાણવાયોગ્ય છે, તારા હૃદયમાં ઔદાર્ય હોવાથી તારા હૃદયમાં વિશુદ્ધપ્રીતિનો પૂર્ણ વિકાસ થયો છે, ને તેથી વિશુદ્ધપ્રીતિની સાથે રહેનારી સર્વ શુભ કળાઓ તારા હૃદયમાં પૂર્ણપણે પ્રકાશી રહી છે. અલ્પજ્ઞ મનુષ્યને હાથે ભૂલ થવી સ્વાભાવિક છે એમ સમજી હું મારા ભક્તોની ભૂલોભણી કદીપણ દૃષ્ટિ કરતો નથી, પણ તે મને પ્રાપ્ત કરવામાટે કેટલો બધો પ્રયત્ન કરે છે તેજ માત્ર હું જોઉં છું. ”

શબરી—“ હે કરુણાનિધે ! આપ આ સર્વ આપની મોટાઇ સામું જોઇને બોલો છો. જીવો જ્યારે બીજા મનુષ્યાદિના દોષો જોવામાંજ કુશળ જણાય છે, ત્યારે આપ બીજા મનુષ્યાદિનો કાંઈ પણ અલ્પ ગુણ હોય તો તે જોવામાંજ કુશળ પ્રતીત થાઓ છો. આપશ્રીનો આ મહાન્

શુભ ગુણ મને છક કરી નાંખે છે. મારામાં કોઇ પણ પ્રકારની યોગ્યતા હોવાનો સંભવ મને પ્રતીત થતો નથી, ને કદાચ કાંઇ પણ યોગ્યતા મારામાં આવી હશે તો તે માત્ર આપશ્રીના કૃપાકટાક્ષથીજ આવી હશે. કૃપાનાથ! મારી પૂર્વની સ્થિતિની કથા સાંભળો. મારું મન પહેલાં સાધારણ વાતમાં પણ બહુ લાગણીવાળું હતું,—સાધારણ વાતમાં પણ મારા મનને બહુ લાગી આવતું,—સાધારણ અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગને પણ બંને બાજુનો પૂરતો વિચાર કર્યા વિના હું મોટું રૂપ આપી દેતી, ને તુરત પ્રસન્ન કે અપ્રસન્ન થઇ જતી. પછી મેં વિચાર્યું કે જ્યાંસુધી મારું મન આવું સાંકડું ને અસહનશીળ રહેશે ત્યાંસુધી હું પ્રભુની કૃપાને પાત્ર થઇ શકીશ નહિ, તેથી મેં આપના પૂજન ને સ્મરણધ્યાનપૂર્વક મારા મનની આવી દુષ્ટ તીવ્ર લાગણીને ન્યૂન કરવાનો પ્રયત્ન આરંભ્યો. મેં વિચાર્યું કે હું ધીરજથી બંને બાજુનો પૂરતો વિચાર કર્યા વિના ઉતાવળથી અયોગ્ય બોલી દઉં છું, વા અયોગ્ય પ્રવૃત્તિ કરી દઉં છું, તે યોગ્ય થતું નથી, ને તેથી પરિણામે મને તથા અન્યને નકામો ખેદ થાય છે. મારે જો મારા પ્રભુને પ્રસન્ન કરવા છે તો મારે મારો આ કુસ્વભાવ અવશ્ય છોડી દેવો જોઈએ. દ્વિજકન્યા પરણે છે ત્યારે તે પોતાના પિતાના ગોત્રનો તથા ઘરનો ત્યાગ કરી પોતાના પતિના ગોત્રને તથા પતિના ઘરને પોતાનું ગોત્ર તથા ઘર માને છે, તો મારે પણ હવે સંસારી મનુષ્યોના જેવા સ્વભાવનો ત્યાગ કરી પ્રભુના પક્ષમાં ભળી પ્રભુના જેવોજ સ્વભાવ રાખવો જોઇએ. આમ વારંવાર વિચાર કરી મનોબળ વધારવાથી તથા જ્યારે જ્યારે ભૂલ થતી ત્યારે ત્યારે પશ્ચાત્તાપપૂર્વક જપ આદિ પ્રાયશ્ચિત્ત કરવાનો નિયમ રાખવાથી હવે હું બંને બાજુને સારી રીતે જોઇ પછી કરવાયોગ્ય નિશ્ચય કરું છું, તથા બોલવાયોગ્ય બોલું છું, તેથી મારા મનનું

દુઃખ દૂર થયું છે, ને મારાથી હવે અન્ય મનુષ્યોને અન્યાય ન મળવાથી તેમને પણ મારા ભણીથી દુઃખ થતું નથી. આગળ સાધારણ પ્રતિકૂળ પ્રસંગમાં પણ મારાં નેત્રોમાં આંસુ ભરાઇ આવતાં. હૃદય ભરાવાથી ઉપજેલો શોક નરમ થાય છે, કંઠ રંધાવાથી તે નરમ થયેલો શોક ઓગળે છે, અને નેત્રમાંથી આંસુઓ પડવાથી તેની સાથે તે નરમ થયેલો શોક પ્રવાહિરૂપ થઇ હૃદયમાંથી બહાર નીકળી જાય છે, ને તેથી મન હલકું થઇ જાય છે, એમ મને અનુભવાતું, પણ તુચ્છ વાતમાં મનને શોકયુક્ત કરવું તેમાં મૂર્ખાઇ છે, એમ મને પછીથી સમજાયું. પછી મેં વ્યવહારની સાધારણ પ્રતિકૂળતાઓમાં માઠું લગાડવાનો, રોવાનો કે શોક કરવાનો સ્વભાવ ક્રમથી મૂકી દીધો, ને માત્ર આપશ્રીના વિરહાદિથી જે શોક ઉત્પન્ન થાય તેને બહાર કાઢવામાં ઉપર જણાવેલી ક્રિયાનો ઉપયોગ અનાયાસે થઇ જતો. આમ થવાથી મારા ચિત્તની શાંતિમાં વધારો થયો. આગળ હું મારી સાધારણ ભક્તિને બહુ મોટું રૂપ આપતી, ને હું પ્રભુની અનન્યભક્ત છું એમ માની લેતી, પણ આપની કૃપાનાં કિરણોનો પ્રકાશ મારા હૃદયપર જેમ જેમ વધારે પડતો ગયો તેમ તેમ મને સમજાવા લાગ્યું કે આ તર્કટી મન મને ઠગે છે. મારે જો પ્રભુશ્રીનો સાક્ષાત્કાર ને તેઓશ્રીના ધામની પ્રાપ્તિ કરવી છે, તો મારે કોઇ પણ પ્રાણિપદાર્થને પ્રભુશ્રીથી વધારે પ્રિય નજ માનવો જોઇએ. હું કયારેક કોઇ પ્રાણિપદાર્થને પૂરો વિચાર કર્યાં વિના પરમપ્રિય વા પરમસ્નેહી માનું છું, વા તેમ કહી બતાવું છું, આ મારી મોટામાં મોટી ભૂલ છે. હજી મને દ્રવ્યમાંથી, ઉપભોગના પદાર્થોમાંથી, ને નિકટનાં સગાંવહાલાંમાંથી પણ આરૂઢ પ્રીતિ દૂર થઇ નથી, તો પછી મારા સ્થૂળશરીરમાંથી મારી આરૂઢ પ્રીતિ દૂર થઇ હોય એમ મારે માની લેવું એ મારી મૂર્ખતાજ છે. આ

૪૨૫૩

મન મહાધૂર્ત ને કૃતઘ્ની છે, માટે હવે તેના કહેવા ઉપર લેશ પણ ધ્યાન ન આપતાં ધીરજથી પૂર્ણ વિચાર કરી મારા કર્તવ્યમાં જ્યાં જ્યાં ન્યૂનતા રહેતી હોય ત્યાં ત્યાં તે ન્યૂનતા મારે દૂર કરવી. પછી મારા હૃદયની વૃત્તિઓને મેં સૂક્ષ્મ દષ્ટિએ જોવા માંડી, ને તે જે જે પ્રાણિપદાર્થમાં પ્રીતિયુક્ત લાગેલી જણાઇ તે તે પ્રાણિપદાર્થમાંથી તેને પાછી ખેંચી આપશ્રીનાં ચરણકમળમાં જોડવા માંડી. આમ કરવામાં પ્રથમ તો મને બહુ શ્રમ જણાવા લાગ્યો, ને મન તથા ઇંદ્રિયોના મોટા મોટા ક્ષોભોને ધૈર્ય તથા સાવધાનતાથી શમાવવા પડ્યા. વિવેકપૂર્વક આ પ્રયત્ન સતત ચાલતો રહેવાથી ક્રમપૂર્વક સર્વ પ્રાણિપદાર્થમાં રહેલા અંતઃકરણના પ્રીતિવાળા વેગો શાંત થયા, ને તે સર્વ વેગો આપશ્રીનાં ચરણકમળપ્રતિ પરમપ્રીતિપૂર્વક અનાયાસે ચાલવા લાગ્યા. મારી આવી સ્થિતિ થઇ ત્યારે મારું મન બહુ પ્રસન્નતા અનુભવવા લાગ્યું. મારી પ્રભુભક્તિ દૃઢ થયેલી જણાવા લાગી. મારી ભક્તિની દૃઢતા વધવાથી હવે મારી સમીપ કોઇ પણ મનુષ્ય પ્રભુની કે સત્શાસ્ત્રની વિરુદ્ધ બોલી શકતું નથી. 'અરે ! આ જગત્માં મારું કોઇજ નથી' આવો વિચાર આગળ જ્યારે જ્યારે મારા મનમાં આવતો ત્યારે ત્યારે મારું કોમળ હૃદય ચીરાઇ જતું હોય એમ મને જણાતું. નિરાધારના સમર્થ આધારરૂપ આપનો જ્યારથી મને આશ્રય મળ્યો ત્યારથી એ વિચાર હવે મને સ્વપ્નમાં પણ આવતો નથી, ને તેથી મને દુઃખાનુભવ પણ થતો નથી. હું આશોસુદિ પૂનમની મધ્યરાત્રિ ભૂલી ગઇ નથી, કે જે વેળાએ આપશ્રીએ નિર્હેતુક કૃપા કરી મારા હૃદયના ઉંડાણમાં રહી મને સૂચવ્યું હતું કેઃ—' હે સુભાગિનિ ! વિશુદ્ધપ્રીતિરૂપ—ભક્તિરૂપ—ભવાંધકારના નિવારક દીપકમાં તું વિશુદ્ધસ્નેહરૂપ દિવ્ય ઘૃત વારંવાર પૂર્યા કરજે, અને વિષયતૃષ્ણારૂપ પ્રબળ વાયુથી તું તેનું નિરંતર રક્ષણ

કર્યા કરજે, નહિ તો તે દીપક ઓલાઈ જશે.' આપશ્રીની આ આજ્ઞાને હું નિરંતર બહુ આદરપૂર્વક સાવધાનતાથી પાળું છું, તેથી મારું હૃદય હવે ડોળાઇ જતું નથી, ને તે પૂર્વે નહિ અનુભવેલા કોઇ અકથ્ય આનંદનો અનુભવ કરે છે. હું જે જે જોતી, ને જે જે સાંભળતી, તેમાંથી આપશ્રીના ચરણારવિંદમાં મારી ભક્તિ વધે એવો બોધ મારા હૃદયમાં ગ્રહણ કરતી હતી. એક વેળા વનમાં મેં મોટાં ઝાડોની પાસે રહેલા એક નાના ઝાડને જોયું. તે પાસેનાં મોટાં વૃક્ષોની પેઠે આચ્છાદનરહિત અવકાશમાં જઇ સૂર્યનાં કિરણોને પોતાની ડાળો ને પાંદડાંની ઉપર પાડવા ઇચ્છતું હોય એમ મને જણાયું, તથા તે પોતાની એ ઇચ્છાને સફળ કરવા નિત્ય પ્રયત્ન કરતું હોય એવું પણ મને ભાન થયું. કેટલોક સમય વીત્યા પછી મેં પુનઃ ત્યાં જઇને જોયું તો તે નાનું ઝાડ વાંકુંચુંકું થઇને પણ આચ્છાદનરહિત અવકાશમાં પહોંચી સૂર્યનાં કિરણોવડે પોતાનાં પાંદડાંઓને અને ડાળોને પ્રકાશમય કરી રહ્યું હતું. આ જોઇને મેં વિચાર્યું કે મનુષ્ય સંસારની ગમે તેટલી વિટંબણાઓમાં હોય તોપણ જો તે પરમાત્માને પ્રાપ્ત કરવામાટે શુદ્ધભાવથી પ્રયત્ન કરે તો તે અવશ્ય પરમાત્માને પ્રાપ્ત થઇ શકે છે. પછી મેં મારી ભક્તિને વિશેષ દૃઢ કરવા પુનઃ નવા ઉત્સાહપૂર્વક પ્રબળ પ્રયત્ન પ્રારંભ્યો. મેં એક વેળા એક ખાબોચિયાનું પાણી સૂકાઇ જવાથી તેના તળીઆની ભૂમિમાં મોટા મોટા ચીરાડા પડેલા જોયા. તે જોઇ મને એમ લાગ્યું કે પોતાના જીવનરૂપ જળ સૂકાવાથી આ જડ ભૂમિમાં પણ ચીરાડા પડ્યા છે, પણ મારા હૃદયમાં મને પ્રભુનો વિયોગ છતાં હજી ચીરાડા પડ્યા હોય એવું જણાતું નથી, તેથી મારા વજ્રજેવા કઠણ ને પ્રેમશૂન્ય હૃદયને ધિક્કાર છે ! એક માછલાને મેં જળને વિયોગે તરફડતું જોયું ત્યારે મને લાગી આવ્યું કે આ માછલું પોતાના પ્રિય જળને

વિયોગે આટલું બધું તરફડે છે, પણ હું તો પ્રભુને પરમ પ્રિય માનતાં છતાં પણ તેમના વિયોગે આટલી બધી તરફડતી નથી. ગઈ વસંતઋતુમાં એક વેળા સૂર્યોદયસમયે એક તળાવમાં મેં અનેક કમળોને પ્રફુલ્લિત થયેલાં જોયાં, ને ગઈ શરદપૂનમની રાત્રે એક તળાવમાં મેં અનેક પદ્મિનીઓને પ્રફુલ્લિત થયેલી જોઈ, ત્યારે મારા મનમાં સ્ફુરી આવ્યું કે પ્રભુનાં દર્શનથી પ્રભુના ભક્તોનાં હૃદયો પણ આવીજ રીતે વિકાસ પામતાં હશે. ધૂળધોયો જેમ રાખમાંથી સોનું શોધી કાઢે તેમ હું પણ સાધારણ વાતો કે પ્રતિકૂળ વાતો સાંભળું તેમાંથી પણ આપના મહિમાને વા મારા કર્તવ્યને શોધી કાઢતી. આપશ્રીનાં ચરણકમળમાં મારી વિશુદ્ધપ્રીતિનો વધારો થાય એવાં પુસ્તકો વાંચવાં, તથા એવી વાતો સાંભળવી મને બહુ ગમતી, ને ઘણી વેળા મારા હૃદયમાં આવેશ પ્રકટવાથી હું મારા શરીરનું ભાન ભૂલીને તેવાં પુસ્તકો વાંચતી, વા તેવી વાતો સાંભળતી. કોઈ કોઈ વેળા આપશ્રીના વિરહના વિચારથી (અરેરે ! હજીસુધી મને પ્રભુશ્રીનો સાક્ષાત્કાર ન થયો એવા વિચારથી) મારું મન બહુ ભરાઈ આવતું ત્યારે જો મારાથી બની શકે તો હું મારા જેવા વિચારવાળા ભક્તોની પાસે જતી, ને તેમની આગળ આપશ્રીના મહિમાની વાતો કરીને વા તેમની પાસેથી આપશ્રીના અગાધ મહિમાની વાતો સાંભળીને હું મારા હૃદયપરનો ભાર ઓછો કરતી,—દુઃખી હૃદયને આશ્વાસન આપતી. ક્યારેક મારા હૃદયને આપશ્રીના મહિમાનું વિશેષ ભાન થવાથી આપશ્રીના મહિમાવિષે હું ભજન જોડી કાઢતી, ક્યારેક આપશ્રીમાં વધારે પ્રીતિ રાખવા હું મારા હૃદયને ઉપદેશ કરતી હોઉં એવા ભાવનું ભજન જોડી કાઢતી, ને ક્યારેક હું મારા મનને તથા ઇંદ્રિયોને સર્વ પ્રકારે નિર્દોષ પ્રવૃત્તિ કરવાના બોધનું ભજન જોડી કાઢતી. આવાં ભજનો જોડવાથી મારા હૃદયમાં શાંતિનું

વિશેષ ભાન થતું. કોઇ વેળા મારા મનમાં આપની ભક્તિનો વિશેષ વેગ પ્રકટવાથી હું આ સુંદર વનમાં પરિભ્રમણ કરતી કરતી હાથ જોડી આપશ્રીને વારંવાર પ્રણામ કરીને ‘ હે અશરણશરણ ! હે દીનનાથ ! હે કૃપાસિંધો ! પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ,’ એમ ઉપરાઉપર પોકારો કર્યા કરતી હતી. ઘણી વેળા હું આપના નામનો જપ કરતાં કરતાં ભાવાવેશમાં (મસ્તીમાં) આવી જતી હતી. આપશ્રીના અનુગ્રહથી હવે મારી કુળલાજની ને લોકલાજની અદૃશ્ય બેડીઓ ત્રુટી ગઇ છે, ને મારા માથાઉપર આગળ જે સંસારનો મોટો ભાર પ્રતીત થતો હતો તે ભાર પણ હવે ઊતરી ગયો છે. આગળ ‘ હું આ જગત્માં એકલી ને દુઃખી છું ’ એવું ભાન મને થતું, તે ભાન પણ હવે દૂર થઇ ગયું છે, ને મેં જાણે હવે મારું ખરું જીવન પ્રાપ્ત કર્યું હોય એમ મનેલાગે છે, તેથી હવે હું પરમ સુખિણી છું એમ મને પ્રતીત થાય છે. હે પરમાત્મન્! નિરતિશય જ્ઞાન ને નિરતિશય આનંદ આ આપશ્રીના સ્વભાવ આપશ્રીની આસપાસના વાતાવરણમાં પ્રસરી રહેલા હોવાથી તેની મારા ચિત્તપર થતી અસર હું સ્પષ્ટ જોઉં છું. આ વેળા જાણે હું જાણવાયોગ્ય સર્વ જાણતી હોઉં, મને જાણે કોઇ પ્રકારની શંકાજ ન હોય, ને જાણે હું પરમાનંદમય હોઉં એમ મને જણાય છે. જે હૃદયમાં આગળ ભય ઉપજાવનારું અંધારું પ્રતીત થતું હતું ત્યાં હવે સુખમય, શાંત ને રમણીય પ્રકાશ પ્રતીત થાય છે; જે હૃદયમાં આગળ વાસનારૂપ વેતાળો નાચતા હતા તે સ્થળે હવે નિર્વાસનારૂપ મહાદેવીએ આવી વાસ કર્યો છે; ને જે હૃદયમાં આગળ સુખ ને જ્ઞાન ક્યાંઇક બહાર હશે, ને તે મારે પ્રયત્ન કરીને મેળવવાં જોઇએ એવું ભાન થતું હતું તેજ હૃદય હવે પોતાની બહુજ સમીપમાં રહેલ પરમસુખ ને પરમજ્ઞાનને અનુભવી પરમશાંત થયું છે. હું ને મારું આ બે મારા હૃદયની દુર્ભેદ્ય ગ્રંથિઓ પણ ભેદાઈ

ગઇ હોય એમ મને જણાય છે. મને લાગે છે કે આપશ્રીની કૃપાએ મને મુખર (બહુ બોલી) બનાવી દીધી છે, તેથી હું જેટલું બોલવાની અગત્ય હતી, તેથી ઘણું વધારે બોલી ગઇ છું. જેમ કોઇ મહાદરિદ્રી મનુષ્યને અચાનક ચિંતામણિ મળી જાય ત્યારે તે દરિદ્રી મનુષ્ય ભાન ભૂલીને તે ચિંતામણિને વારે વારે જોયા કરે, ને આનંદ પામ્યા કરે, તેમ મને પણ મારું હૃદય આપશ્રીની પાસે ખાલી કરવાનો આ અલભ્ય લાભ મળવાથી હું કેટલું બોલી ગઈ તેનું પણ મને ભાન રહ્યું નથી. આપને ક્ષમાના મહાસાગર અને ભક્તોની ભૂલોની ઉપેક્ષા કરનારા જાણ્યા પછી આપની પાસે મારે બહુ બોલવામાટે ક્ષમા માગવી એ આપના મહિમાની અવગણના કરવાજેવું થાય એમ મને ભાસે છે, તેથીજ તે વિષેની હું આપશ્રીની પાસે ક્ષમા માગતી નથી. ”

શ્રીરામચંદ્ર—“ હે સુશીલે ! તું કાંઇજ વધારે બોલી નથી. મને લાગે છે કે તારે જેટલું બોલવું જોઇએ તેથી તું ઘણુંજ થોડું બોલી છે. મારા કાનને તારાં વચનો બહુ મધુર લાગતાં હતાં, ને હજી પણ તું કાંઇક વધારે બોલી હોત તો તે હું ઘણી પસન્નતાથી સાંભળત. મારા પ્રેમોન્મત્ત ભક્તનાં વિશુદ્ધ પરમપ્રીતિથી ભરેલાં વચનો સાંભળતાં હું કદીપણ કંટાળતો નથી. તું તારા શુભગુણો ને અનન્યભક્તિવડે મારા પરમધામને પામવાને યોગ્ય થઇ છે, માટે તારી ઇચ્છા હશે ત્યારે તું આ મનુષ્યશરીરનો તૃણવત્ ત્યાગ કરી મારા પરમધામને પામી સર્વપરિતાપરહિત પરમાનંદનો અનુભવ કરીશ. આવા વનમાં તારો વાસ પણ તારું સુભાગ્ય સૂચવે છે. હે શબરિ ! આ વન મતંગમહર્ષિની કૃપાથી બહુ સુંદર જણાય છે. હે સુભગે ! જો તું **સી**તાના સંબંધમાં કાંઈ જાણતી હોય તો તે મને કહે. અમે બને ભાઇઓ તેની શોધમાં નીકળ્યા છીએ. ”

શબરી—" હે મારા પરમાધાર ! આ વન **મ**તંગમહર્ષિની કૃપાથી સત્પુરુષનું હૃદય જેમ સર્વદા નિર્મળ ને પ્રસન્ન રહે તેમ સર્વદા ફૂલ તથા ફળથી યુક્ત રહે છે, ને ઘાટાં પાંદડાંવાળાં ઘાટાં વૃક્ષોથી તે બહુ રમણીય પ્રતીત થાય છે. મારી સવિનય પ્રાર્થના છે કે આપ એ વનભણી કૃપાદૃષ્ટિનો પાત કરી તે વૃક્ષાદિના જીવનને સફળ કરવા કૃપા કરો. હે સર્વજ્ઞ ! **સી**તાજીના સંબંધમાં આપ સર્વ જાણો છો, માત્ર આપની મોટાઇ છુપાવવા આપ મને પૂછો છો, તો હું આપની તે આજ્ઞાને મસ્તકપર ધારણ કરી સવિનય કહું છું કે આપ અહિંથી વિદાય થઇ પાસેના **ઋ**ષ્યમૂકપર્વતપર વસતા વાનરરાજ **સુ**ગ્રીવને મળશો, અને તેની સાથે મૈત્રી કરશો, એટલે વ્યવહારપક્ષે આપને **સી**તાજીના સંબંધમાં જે જાણવાનું છે તે સર્વ જાણવામાં આવશે. હે કૃપાકાંત ! હવે આ દુઃખપૂર્ણ મર્ત્યલોકમાં વિશેષ સમય રહેવાની મારી લેશ પણ ઇચ્છા નથી. આપશ્રીનાં પરમાનંદ આપનારાં દર્શન કરતી કરતી હું હવે આ વેળાએજ મારા આ અધમ સ્થૂળશરીરનો ત્યાગ કરી આપશ્રીના ધામમાં નિવાસ કરી શકાય એવા ઐશ્વરદેહને પ્રાપ્ત કરવા ઇચ્છું છું. હું હવે અગ્નિવડે મારા આ સ્થૂળશરીરને ભસ્મીભૂત કરું છું. હે પ્રભો ! હે અશરણશરણ ! આપનો જય થાઓ."

સમાપ્ત.

શ્રી સત્ય પ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નહાલચંદ
તથા ડાહ્યાભાઇ શકરાભાઇએ છાપ્યું.—**અમદાવાદ.**

જિજ્ઞાસુઓને મનન કરવાયોગ્ય

ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ.

પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્મથુરામશર્મા તરફથી શ્રીસુંદરદાસ, શ્રીકબીરજી વગેરે સંતજનોની અવળી વાણીનું આ પુસ્તકમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. અવળીવાણી કેવી હશે તથા તેમાં કેવું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હશે એવી શંકાને નિર્મૂળ કરવા આ પુસ્તકમાંના એક પદનું નીચે અવતરણ થાય છેઃ—

हंस चढ्यो ब्रह्माके उपर, गरुड चढ्यो पुनी हरिकी पीठ;
बेल चढ्यो है शिवके उपर, सो हम दीठो अपनी दीठ ।
देव चढ्यो पातीके उपर, जरख चढ्यो डायनीपर नीठ;
सुंदर एक अचंबा हुआ, पानीमांही जरै अंगीठ ॥ ८ ॥

સાત્ત્વિકીવૃત્તિયુક્ત અંતઃકરણરૂપ હંસ રજોગુણરૂપ બ્રહ્માની ઉપર ચઢ્યો, અર્થાત સાત્ત્વિકીવૃત્તિવાળા અંતઃકરણે રજોગુણનો પરાજય કર્યો, અને શુદ્ધસાત્ત્વિકીવૃત્તિયુક્ત અંતઃકરણરૂપ ગરુડ સત્ત્વગુણરૂપ વિષ્ણુની પીઠઉપર ચઢ્યો, અર્થાત શુદ્ધસાત્ત્વિકીવૃત્તિવાળા અંતઃકરણે સત્ત્વગુણનો અભિભવ કર્યો. રજોગુણની વૃત્તિયુક્ત અંતઃકરણરૂપ બળદ તમોગુણરૂપ શિવઉપર ચઢ્યો. અર્થાત રજોગુણની

ૐ

ઈશ્વરના અંતઃકરણે ગુણોગ્રાહીને પ્રબોધ કર્યો, તો આપે અમને આપ દીઠું, જેટલે અનુભવસુખો તે અમે જાણું, અનુભવનુ પ્રમાણમાં આત્મારૂપ દેવ, ત્રણ દેહરૂપ બીજી આદિના પાનઉપર અઢ અર્થાત્ તે ત્રણ દેહરૂપ આવરણથી રહિત થયા. વૈરાગ્યયુક્ત અંતરણરૂપ જ્ઞાન વિષયવાસનારૂપ પાંદડાઉપર સારી રીતે બેઠા. સુંદર કહે છે કે એક એવું આશ્ચર્ય થયું કે નિર્મળ અંતઃકરણરૂપ પાણી આત્મજ્ઞાનરૂપ અગ્નિ બળે છે.

આ પુસ્તક રૉયલ ૧૬ પેજી ૨।। ફરમા એટલે ૪૦ પૃષ્ઠનું કાગળ ૫૦ રતલી જૈન્ટ વાપરવામાં આવ્યા છે. પૂંઠું ૧૦૦ રતલી રફ કાગળ અને પીઠ ઉપર ઓરીઝનલ પટ્ટીવાળું છે. મંગાવનારે ૭ આનાની અગાઉથી ટિકિટ મોકલવાની તસ્દી લેવી નહિ. ૭ આનાની અંદરનાં વિ. પિ. અમે કરી શકતા નથી, એટલે થોડાંએક પુસ્તકો મંગાવનારે મૂલ્ય તથા ટપાલ ખર્ચ મોકલવું.

આ પુસ્તકનું મૂલ્ય અગાઉ રૂ. ૦—૩—૬ હતું તે ઘટાડીને સાધુઓના લાભમાટે તેનું મૂલ્ય હવે રૂ. ૦—૧—૦ રાખવામાં આવ્યું છે.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

રાયપુર, દેવાભાઈના દવાખાના આગળ,
શ્રીશંકરાચાર્યના મઠસામેના મકાનમાં,
અમદાવાદ.